

10TH AUGUST

# WORLD LION DAY - 2026

**WILDLIFE DIVISION, SASAN-GIR**
**FOREST DEPARTMENT, GUJARAT STATE**

The Saurashtra region of Gujarat state is home to a thriving population of free-ranging Asiatic lions, which are a source of immense pride for its people. These majestic animals roam naturally in the Gir Forest, its surrounding areas, and parts of Saurashtra region. The local communities of Saurashtra play a crucial role, directly or indirectly, in supporting the conservation of this iconic species. The conservation efforts of the Gir Forest and its wildlife are a result of the relentless dedication of the Government of Gujarat, the Gujarat Forest Department, and the cooperation of local people. The rivers, streams, and waterfalls originating from Gir Forest not only enhance its beauty but also provide a plentiful water source throughout the surrounding areas. This abundant water contributes to the agricultural prosperity of Sorath, the home of Asiatic lions.

## History and Present of the Asiatic Lion

- Historically, Asiatic lions were found across a wide range from Syria, Middle East Asia to India. Over time, their habitat gradually reduced, restricting them to northern and central Indian states such as Haryana, Punjab, Uttar Pradesh, Bihar, Madhya Pradesh, and Rajasthan.
- Today, Asiatic lions roam naturally in the Saurashtra region of Gujarat, specifically in the districts of Junagadh, Gir Somnath, Amreli, Botad, Bhavnagar, Porbandar, and Devbhoomi Dwarka. They are also occasionally spotted in the districts of Rajkot, Jamnagar, and Surendranagar.
- Asiatic lions are found in Gir Protected Areas (Gir, Paniya, Mitiyala), Girnar Wildlife Sanctuary, Barda Wildlife Sanctuary, and protected and reserved forest and revenue areas of Saurashtra. With the support of the Gujarat Government, the Gujarat Forest Department, and local people, the lion population has experienced a gradual increase.

## About Lions

- The lion belongs to the cat family and is unique among big cats such as tigers, leopards, etc., as it lives in groups. A group of lions is called a 'pride'. Male lions remain attached to their family for a certain period of time.
- A male lion's reproductive capacity is restricted to certain periods of its lifespan.
- Lions are territorial animals and have specific territory where all members can roam freely without fear.
- Solitary lions, also known as nomadic lions, have specific territorial ranges. The territories of these lions can be larger than those of lions living in prides.




## Why should we conserve lions?

- Lions and other wild animals are the treasures of our nation.
- Contribute to maintaining the balance of biodiversity
- Asiatic lions are exclusively found in the wild in Saurashtra, making it their sole habitat worldwide
- In the world, Asiatic lions are found only in Saurashtra.
- It regulates the population of wild herbivores.
- The lion holds a prominent place in our religious beliefs as well.
- In social values, the lion is often depicted as a symbol of pride.
- The people of Gir and its surrounding areas are benefiting from livelihood opportunities.

## Why should we conserve lions?

Today, Asiatic lions inhabit not only Gir National Park and Wildlife Sanctuary but also surrounding forest expanses like Paniya Wildlife Sanctuary, Mitiyala Wildlife Sanctuary, Girnar Wildlife Sanctuary, Barda Wildlife Sanctuary, and coastal areas. They are also found in reserved and non-reserved grasslands and revenue areas across Junagadh, Gir-Somnath, Amreli,Porbandar, Devbhoomi Dwarka, Botad, and Bhavnagar districts. This area is collectively known as Asiatic Lion Landscape. The management of this area is overseen by the Forest Department, Gujarat State.

The people of Gir and its surrounding areas are benefiting from livelihood opportunities.



## Efforts for Conservation of Lions and Biodiversity of Gir

- The lion is a wild animal, so let's ensure that nothing disrupts its natural processes.
- If a lion is spotted in areas outside the forest, such as farms, mango orchards, or village outskirts, inform the local forest department staff.
- Assist in the protection and conservation of the habitats of Asiatic lions.
- Assist in curbing unauthorized activities.
- If you find lions or other wildlife that are injured, or in any distress, inform the forest department staff immediately.
- If there is any suspicious activity or if any individual in your village harms wildlife, inform the local forest department staff immediately.
- Let's help eliminate any illegal activities related to lions and other wildlife.

**Forest Department, Gujarat State | Wildlife Division, Sasan-Gir**

**Tel No: (02877) 285541 | 2855540 | 285508**
**Mobile Number 9428896648**

E-mail : dcfwildlife@gmail.com

Gir Online Permit Booking System

World Lion Day 2026



**૧૦મી ઓગષ્ટ**

# વિશ્વ સિંહ દિવસ - ૨૦૨૬

**વન વિભાગ, ગુજરાત રાજ્ય**
**વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર**

ગુજરાત રાજ્યનો સૌરાષ્ટ્ર વિસ્તાર ભારત દેશનાં ગૌરવ સમા એશિયાઇ સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસ સ્થાન છે. આ બાબતનું સૌરાષ્ટ્રનાં લોકો ખુબ ગૌરવ અનુભવે છે. એશિયાઇ સિંહો ગીર જંગલ અને તેની આસપાસ તેમજ સૌરાષ્ટનાં અન્ય વિસ્તારોમાં કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. આ ઝાંઝરમાન પ્રાણીનાં સંરક્ષણ અને સંવર્ધનમાં સૌરાષ્ટનાં સ્થાનિક લોકોનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ રહ્યો છે. ગીર જંગલનું સંરક્ષણ અને તેમાં કુદરતી રીતે વસવાટ કરતા વન્યપ્રાણીઓનું સંવર્ધન ગુજરાત સરકારશ્રી, ગુજરાત વન વિભાગના અથાગ પરિશ્રમ અને સ્થાનીક લોકોના સહકારને આભારી છે. ગીર જંગલ વિસ્તાર માંથી નકળીતા નાના મોટા નદી, નાળા તેમજ ઝરણાઓ ગીરની શોભા વધારે છે. તેમજ ગીર આસ-પાસનાં વિસ્તારમાંથી પણ આ નદી, નાળા પસાર થતા હોય, આવાં વિસ્તારમાં પાણીનો સ્ત્રોત વિપુલ પ્રમાણમાં જળવાઇ રહે છે, જેથી આવી એશિયાઇ સિંહોની સોરઠ ધરાની ખેતી પણ સમૃધ્ધ છે.

## એશિયાઈ સિંહનો ઈતિહાસ અને વર્તમાન

- ઐતિહાસિક દ્રષ્ટીએ એશિયાઈ સિંહ ઘણાં દેશોમાં જોવા મળતા હતાં. ભૂતકાળમાં જોવા જઈએ તો, એશિયાઇ સિંહ છેક સિરિયા, મધ્યપુર્વ એશિયા થી લઇ ભારત સુધી વિસ્તરેલાં હતાં. ત્યાર બાદનાં સમયમાં એશિયાઇ સિંહોનાં વસવાટનો વિસ્તાર ઘટીને ઉત્તર અને મધ્ય ભારતનાં રાજયો જેવા કે, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન પૂરતો સીમીત થઇ ગયો હતો. વર્તમાન સમયમાં સિંહ ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્રનાં વિસ્તારમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે.
- એશિયાઈ સિંહ હાલમાં સૌરાષ્ટ્રનાં જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, બોટાદ, ભાવનગર, પોરબંદર, દેવભૂમી દ્વારકા જીલ્લામાં કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. તેમજ રાજકોટ, જામનગર અને સુરેન્દ્રનગર જીલ્લાનાં વિસ્તારોમાં અમુકવાર જોવા મળે છે.
- એશિયાઇ સિંહ ગીર રક્ષિત વિસ્તારો (ગીર, પાણીયા, મિતીયાળા), ગીરનાર વન્યજીવ અભયારણ્ય, બરડા વન્યજીવ અભયારણ્ય તેમજ સૌરાષ્ટ્રનાં રક્ષિત અને આરક્ષિત વીડી તેમજ રેવન્યુ વિસ્તારમાં જોવા મળે છે. ગુજરાત સરકાર, ગુજરાત વન વિભાગ અને સ્થાનીક લોકોના સહયોગથી સિંહની વસ્તીમાં ઉત્તરોતર વધારો જોવા મળ્યો છે.

## સિંહ વિશે જાણવા જેવું

- સિંહ એ બિલાડી કુળનું પ્રાણી છે. બિલાડી કુળના મોટા પ્રાણીઓ જેવા કે, સિંહ, વાઘ, દિપડો, ચિતો વગેરે માંથી ફકત સિંહ જ સમુહમાં રહે છે. તેનાં સમૂહોના સમુહને "પ્રાઇડ" કહેવામાં આવે છે. આમ સિંહ નર ચોક્કસ સમય દરમ્યાન પોતાનાં પરિવાર સાથે જોડાયેલ રહે છે.
- નર સિંહની પ્રજનન ક્ષમતા તેના જીવનનાં ચોક્કસ સમયકાળમાં પ્રતિબંધીત હોય છે.
- સિંહનાં સમુહનો નિશ્ચિત આવાસ વિસ્તાર હોય છે, જયાં સમુહનાં તમામ સભ્યો નિર્ભયતાથી વિહરી શકે છે.
- સમુહ ન ધરાવતાં હોય તેવા સિંહ પણ પોતાનો નિશ્ચિત આવાસ વિસ્તાર ધરાવે છે. આવા એકલા રહેતા સિંહોનો વિસ્તાર સમુહ ધરાવતાં સિંહોનાં વિસ્તાર કરતાં મોટો હોય છે.



## સિંહનું સંરક્ષણ અને સંવર્ધન શા માટે કરવું જોઈએ?

- સિંહ તથા અન્ય વન્યપ્રાણીઓ આપણા દેશની (આપણા બધાની) સંપતિ છે.
- જૈવવિવિધતાની સમતુલા જાળવવા માટે મદદરૂપ થાય છે.
- વિશ્વમાં એશિયાઈ સિંહો માત્ર સૌરાષ્ટ્રમાંજ કુદરીતે વિહરતા જોવા મળે છે.
- તૃણાહારી વન્યપ્રાણીઓની વસ્તી પર નિયંત્રણ કરે છે.
- આપણા ધાર્મિક મુલ્યોમાં પણ સિંહને આગવું સ્થાન પ્રાપ્ત છે.
- સામાજીક મુલ્યોમાં પણ સિંહને ગૌરવાનાં પ્રતિક તરીકે દર્શાવવામાં આવે છે.
- એશિયાઈ સિંહના વસવાટ વિસ્તાર એવાં ગીર અને તેની આસ-પાસનાં વિસ્તારોમાં લોકોને આજીવિકા વિષયક લાભ થઈ રહ્યાં છે.

## સિંહનાં આવાસનું વ્યવસ્થાપન

એશિયાઈ સિંહોની હાજરી તથા અવર-જવર વાળો વિસ્તાર “એશિયાટીક લાયન લેન્ડસ્કેપ” તરીકે ઓળખાય છે. વર્તમાન સમયમાં સિંહ ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભ્યારણ્ય અને તેનાં સિવાય તેની આજુ-બાજુનાં જંગલ વિસ્તારો જેવા કે, પાણીયા વન્યજીવ અભ્યારણ્ય, મિતિયાળા વન્યજીવ અભ્યારણ્ય, ગીરનાર અભ્યારણ્ય, બરડા વન્યજીવ અભયારણ્ય, દરિયાકાંઠાનાં વિસ્તારો અને જૂનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી, પોરબંદર, દેવભૂમી દ્વારકા, બોટાદ તથા ભાવનગરની અનામત અને બિનઅનામત વીડીઓ તેમજ રેવન્યું વિસ્તારમાં પણ છુટા છવાયા જોવા મળે છે. તેમજ રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ જીલ્લાના વિસ્તારોમાં અવાર-નવાર અવર-જવર કરે છે. આ વિસ્તારોનાં વ્યવસ્થાપનની કામગીરી વન વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવે છે.



## એશિયાઈ સિંહના બચાવ માટે આપણે આટલુ કરીએ

- સિંહ એ વન્ય જીવ છે, આથિ સિંહને તેની કુદરતી પ્રક્રિયામા કોઇ ખલેલ ન પહોંચે તેનું ધ્યાન રાખીએ.
- જંગલની બહારનાં વિસ્તારોમાં સિંહની હાજરી જણાય તો તેની જાણ સ્થાનિક વન વિભાગના સ્ટાફ્ને કરિએ.
- એશિયાઈ સિંહોનાં વસવાટ વિસ્તારોનાં સંરક્ષણ અને સંવર્ધનમાં મદદરૂપ થઇએ.
- બિનઅધિકૃત રીતે થતી પ્રવૃતિઓને અટકાવવા માટે મદદરૂપ થઇએ.
- સિંહ અને અન્ય વન્યપ્રાણીઓ ઈજાગ્રસ્ત કે કોઇ મુશ્કેલીમાં જણાય તો તરત જ સ્થાનિક વન વિભાગનાં સ્ટાફ્ને જાણ કરીએ.
- આપણાં ગામમાં કોઇપણ શંકાસ્પદ પ્રવૃતિ કે વ્યક્તિ કે, જે વન્યજીવને નુકશાન પહોંચાડી શકે તેમ હોય તેના વિશે સ્થાનિક વન વિભાગનાં સ્ટાફ્ને જાણ કરીએ.
- સિંહ કે અન્ય વન્યપ્રાણીના ગુનાહિત કૃત્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી ના થઈએ.



10TH AUGUST

# WORLD LION DAY - 2026

WILDLIFE DIVISION, SASAN-GIR
FOREST DEPARTMENT, GUJARAT STATE

FOREST DEPARTMENT
GUJARAT STATE

## PLEDGE

I know that Asiatic lions roam freely in the Saurashtra region of Gujarat state in India.

Through our united efforts, the lion population has seen a promising rise.

I pledge wholeheartedly to contribute effectively to the conservation of Asiatic lions, the pride of Gujarat ensuring their thriving future.


Forest Department, Gujarat State | Wildlife Division, Sasan-Gir

Tel No: (02877) 285541 | 2855540 | 285508
Mobile Number 9428896648

E-mail : dcfwildlife@gmail.com


Gir Online Permit Booking System

World Lion Day 2026



૧૦મી ઓગસ્ટ

# વિશ્વ સિંહ દિવસ - ૨૦૨૬

વન વિભાગ, ગુજરાત રાજ્ય
વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર

## પ્રતિજ્ઞા

હું જાણું છું કે, સિંહ એશિયા ખંડનાં,
ભારત દેશનાં, ગુજરાત રાજ્યના,
સૌરાષ્ટ્ર વિસ્તારમાં, કુદરતી રીતે વિહરે છે.

આપણાં બધાનાં, સહિયારા પ્રયાસોથી,
સિંહોની સંખ્યામાં, ઉત્તરોત્તર વધારો થયો છે.

આથી ગુજરાતનાં, ગૌરવ સમા,
એશિયાઇ સિંહોનાં, સંરક્ષણ માટે,
હું ખંતપૂર્વક, મારું યથાયોગ્ય યોગદાન
આપવા પ્રતિજ્ઞા લઉં છું.

Gir Online Permit Booking System

વન વિભાગ, ગુજરાત રાજ્ય | વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર, જૂનાગઢ-ગુજરાત
ટેલીફોન નંબર : (૦૨૮૭૭) ૨૮૫૫૫૪૦ | મોબાઇલ નંબર : ૯૪૨૮૮૯૬૬૪૮
E-mail : dcfwildlife@gmail.com

World Lion Day 2026



10TH AUGUST

# WORLD LION DAY - 2026

## WILDLIFE DIVISION, SASAN-GIR
## FOREST DEPARTMENT, GUJARAT STATE

## A message on World Lion Day for participants of Rally

- Gir, synonymous with Asiatic lions, is one of the oldest sanctuaries in India. Gir National Park and Wildlife Sanctuary, along with its surrounding protected areas and other parts of the Saurashtra region, holds the only free-ranging population of Asiatic lions. These majestic creatures are proudly known by names such as Savaj, Dalamaththo, and King of the Jungle. Asiatic lions are a source of pride for both Gujarat and India. For tourists from around the world, Gujarat has become synonymous with lions.
- Historically, lions were distributed along the wide range, stretching from Syria to India. In northern and central India, they were spread across Haryana, Punjab, Uttar Pradesh, Bihar, Madhya Pradesh, and Rajasthan. However, due to indiscriminate hunting and habitat loss Asiatic lions got extinct from these areas, and their population got restricted in Gir. Recognizing the severe decline in the lion population due to uncontrolled and extensive hunting, the Nawab of Junagadh and the government banned lion hunting in 1913. This was the first step taken towards lion conservation. Since then, thanks to the effective conservation efforts of the Forest Department and the support of local people, the population of once critically endangered lions is steadily increasing.
- Currently, lions roam freely in Gir National Park and Wildlife Sanctuary, Mitiyala Sanctuary, Paniya Sanctuary, Girnar Sanctuary, and Barda Wildlife Sanctuary in the Saurashtra region of Gujarat state.
- Asiatic Lion Landscape serves as the habitat for Asiatic lions. The people of Saurashtra have warmly welcomed lions first as guests and later cherished their presence. The people of Kathiawar have accepted the moral responsibility of conserving and protecting the Asiatic lions, a symbol of culture, and the diverse biodiversity of Gir inherited from their ancestors.
- The dry deciduous Gir forest spans an area of 1,410.30 square kilometers. It was declared the Gir Wildlife Sanctuary on September 18, 1965. Later, on May 21, 1975, 258.71 square kilometers of this area were designated as Gir National Park. Gir Sanctuary celebrated its 50th anniversary on September 18, 2015. Adjacent to the protected area of Gir, there is an additional 470.5 square kilometers comprising marine ecosystems.
- Gir's stable ecosystem is evolving into a thriving, vibrant, self-sustaining, and sustainable environment. At a time when the world is fiercely battling to preserve its natural heritage and resources, the ongoing efforts to conserve Gujarat's pride—the Asiatic lions—and the biodiversity-rich Gir Protected Area stand as a testament. The tranquil yet robust conservation initiatives in Gir have become a universal lesson, earning global recognition for their success in lion conservation.
- The unique and diverse ecosystem of Gir forest boasts a rich biodiversity. It is a home to over 630 species of plants, including several species of medicinal plants, 41 species of mammals, 47 species of reptiles, over 338 species of resident and migratory birds and more than 2000 species of insects. It is a home to endangered and critically endangered species listed as Schedule-I in Wildlife Protection Act, 1972 such as vultures and Asiatic lions. Moreover, it holds a good population of Indian leopards, Rusty-spotted cat, marsh crocodiles, Indian rock python, Indian Pangolin, Indian peafowl and Ratel etc.

  The rich biodiversity and abundant natural resources of the Gir forest nurture a resilient human culture. Seven perennial and ephemeral rivers, namely, Hiran, Shetrunji, Dhatardi, Shingoda, Machchundari, Ghodavadi, Raval, greatly contribute to the ecological diversity of the area. Due to dams built on four of them viz., Hiran, Shingoda, Machhundari and Raval, have led to higher ground water table in Junagadh, Gir Somnath, Amreli and Bhavnagar districts. Due to fertile lands for agriculture, mango orchards, and other fruit gardens, the farmers of the Greater Gir landscape have become economically prosperous. The cost of this agricultural land is much higher than other parts of the state. People in Saurashtra have revered and respected the natural resource for years, considering it sacred as a gift from God.

- The rich biodiversity and abundant natural resources of the Gir forest nurture a resilient human culture. Seven perennial and ephemeral rivers—Hiran, Shetrunji, Dhatardi, Shingoda, Machchundari, Ghodavadi, and Raval—greatly contribute to the area's ecological diversity. Dams built on four of these rivers—Hiran, Shingoda, Machhundari, and Raval—have led to a higher groundwater table in the Junagadh, Gir Somnath, Amreli, and Bhavnagar districts. The fertile lands for agriculture, mango orchards, and other fruit gardens have made the farmers of the Greater Gir landscape economically prosperous. Consequently, the cost of this agricultural land is much higher than in other parts of the state. People in Saurashtra have revered and respected these natural resources for years, considering them sacred gifts from God.
- The entry point to the jungle safari, Sasan-Gir, along with the historic city of Junagadh, the Union Territory of Diu, and pilgrimage sites such as the Shri Somnath Temple (one of the 12 Jyotirlingams), the Dwarkadhish Temple in Dwarka, and the Jain temples in Palitana, are all part of a tourism circuit that attracts visitors from across India and around the world. The0 influx of tourists benefits the local economy and provides employment opportunities in Saurashtra. Every year, approximately 9 lakh tourists from over 40 countries and various parts of India visit the Gir Wildlife Sanctuary to witness the Asiatic lions and diverse wildlife, gaining insights into their conservation efforts and understanding their significance.

## Efforts for Conservation of Lions and Biodiversity of Gir

- **The main objective of Gir Management Plan is:**
  - To reduce negative impacts on biodiversity by strengthening conservation through public participation, ensure sustainable development around Gir and its surroundings by implementing clear and effective strategies under eco-development projects and to address the essential needs of the local communities.
  - To reduce pressure of the local people from core and peripheral forests and gain public support for the long-term conservation of lions, a flagship species in Gir, as well as other threatened and endangered wildlife.
  - To raise awareness among local communities and tourists about forest and wildlife conservation through eco-tourism, while also providing sustainable livelihoods for local residents.
- Lions play a crucial role in maintaining biodiversity and regulating the population of wild herbivorous.
- In various contexts, such as the flags of Europe and Asia, the Nrisimha avatar of Lord Vishnu in Hindu scriptures, the national emblem of India, the national flag of Sri Lanka, currency coins and notes, and as an epithet for Rajputs and Kshatriyas, the lion symbolizes courage and grandeur. The lion is often depicted as the vehicle of Durga in the doorways of temples throughout India.

## Efforts for Conservation of Lions and Biodiversity of Gir

- The lion is a wild animal, so let's ensure that nothing disrupts its natural processes.
- If a lion is spotted in areas outside the forest, such as farms, mango orchards, or village outskirts, inform the local forest department staff.
- Assist in the protection and conservation of the habitats of Asiatic lions.
- Assist in curbing unauthorized activities.
- If you find lions or other wildlife that are injured, or in any distress, inform the forest department staff immediately.
- If there is any suspicious activity or if any individual in your village harms wildlife, inform the local forest department staff immediately.
- Let's help eliminate any illegal activities related to lions and other wildlife.

**Forest Department, Gujarat State | Wildlife Division, Sasan-Gir**

Gir Online Permit Booking System

**Tel No: (02877) 285541 | 2855540 | 285508**
**Mobile Number 9428896648**

E-mail : dcfwildlife@gmail.com

World Lion Day 2026



**૧૦મી ઓગષ્ટ**

# વિશ્વ સિંહ દિવસ - ૨૦૨૬

**વન વિભાગ, ગુજરાત રાજ્ય**
**વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર**

## વિશ્વ સિંહ દિવસનાં રોજ રેલીમાં ભાગ લેનારને આપવાનો થતો સંદેશ

- એશિયાઇ સિંહના પર્યાય સમું ગીર, ભારતનાં સૌથી જુના અભ્યારણ્યોમાંનું એક છે. વિશ્વમાં ફક્ત ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભ્યારણ્યમાં તથા તેના આસ-પાસનાં રક્ષિત વિસ્તારો તેમજ સૌરાષ્ટ્રનાં અન્ય વિસ્તારોમાં કુદરતી રીતે વિહરતો આપણાં એશિયાઇ સિંહો, સાવજ, ડાલામથ્થો, જંગલનો રાજા જેવા ગૌરવભર્યા નામથી પણ ઓળખાય છે. આ ગીરનો સિંહ માત્ર ગુજરાતનું નહી પરંતુ સમગ્ર ભારતવર્ષનું ગૌરવ છે. વિશ્વભરનાં સહેલાણીઓ માટે ગુજરાત રાજય સિંહનો પર્યાય બની ગયું છે.

- ઐતિહાસિક રીતે સિંહ ખુબ વિસ્તૃત વિસ્તાર ધરાવતો હતો અને તે છેક સિરિયાથી મધ્યપૂર્વ ભારત સુધી વિસ્તરેલાં હતાં. સિંહનાં વસવાટનાં વિસ્તારો ઉત્તર અને મધ્ય ભારત, હરીયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પણ હતાં. ગીર સિવાયનાં વિસ્તારોમાં એશિયાઇ સિંહનાં મોટા પ્રમાણમાં કરવામાં આવેલ શિકાર અને નિવાસ સ્થાનોમાં ઘટાડો થવાનાં કારણે અન્ય રાજ્યોમાંથી સિંહો લુપ્ત થઇ ગયાં. અનિયંત્રિત અને મોટા પ્રમાણમાં કરવામાં આવેલ સિંહનાં શિકારને કારણે ખુબજ ઓછા સિંહ બચ્યાં છે તેવું ધ્યાને આવતા ૧૯૧૩માં જૂનાગઢનાં નવાબ તથા સરકારએ સિંહનાં શિકાર પર પ્રતિબંધ લાદી સિંહ સંરક્ષણ માટે પ્રથમ વખત પગલા લેવામાં આવ્યાં. ત્યારબાદ વિનાશનાં આરે આવેલ સિંહોને વન વિભાગનાં સાર્થક સંરક્ષણનાં પ્રયત્નો અને સ્થાનિક લોકોના ખુબ સારા સહયોગને કારણે આ અલભ્ય અને ઝાંઝરમાન પ્રાણીને બચાવી શક્યા છે.

- વર્તમાન સમયમાં સિંહ ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્રનાં વિસ્તારમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્ય, મિતીયાળા અભયારણ્ય, પાણીયા અભયારણ્ય, ગીરનાર અભયારણ્ય તેમજ બરડા વન્યજીવ અભયારણ્યમાં મુક્ત રીતે વિહરતા જોવા મળે છે.

- એશિયાટીક લાયન લેન્ડસ્કેપ વિસ્તારમાં આજે એશિયાઇ સિંહ મુક્ત રીતે વિહરતા જોવા મળે છે. એશિયાટીક લાયન લેન્ડસ્કેપ, એશિયાઇ સિંહોનું નિવાસ સ્થાન હોય, સૌરાષ્ટ્રની ખમીરવંતી પ્રજાએ પ્રથમ તેને મહેમાન અને બાદમાં તેને અત્યંત લાડકવાયો માન્યો છે. સંસ્કૃતિના પ્રતિક એવા એશિયાઇ સિંહ તથા વારસામાં મળેલ ગીરની વૈવિધ્યસભર જૈવ સૃષ્ટિના સંવર્ધન અને સંરક્ષણની નૈતિક જવાબદારી કાઠીયાવાડની ખમીરવંતી પ્રજાએ ધરોહર તરીકે સ્વીકારી છે.

- ગીરના વનો સુકા પાનખર પ્રકારનાં છે. આ વનોનાો કુલ ૧૪૧૦.૩૦ ચો.કિ.મી. વિસ્તાર છે. જેને તા. ૧૮-૦૯-૧૯૬૫ નારોજ ગીર વન્યજીવ અભ્યારણ્ય તરીકે તથા તે પૈકીના ૨૫૮.૭૧ ચો.કિ.મી. વિસ્તારને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે તા.૨૧-૦૫-૧૯૭૫ નારોજ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. ગીર અભ્યારણ્યનાં જાહેર થયાનાં ૫૦ વર્ષ તા. ૧૮-૦૯-૨૦૧૫ નારોજ પુરા થયા છે. ગીરના વનોના વિસ્તારને અડીને આવેલ વિસ્તારમાં રક્ષિત વિસ્તારને બાદ કરતા ૪૭૦.૫ ચો.કિ.મી. વિસ્તાર વન અને દરીયાઇ વન સૃષ્ટિથી બનેલ વિસ્તાર છે.

- ગીર સ્થિર નિવસન તંત્ર ધરાવે છે. જે પોતાની સમૃધ્ધી, જીવન પામતી રહેતી, સ્વનિર્ભર તથા ટકી રહેનારી સ્વાવલંબી સ્થાયી પર્યાવરણ પ્રણાલી બની રહ્યું છે. વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ પોતાની નૈસર્ગીક ધરોહર અને સ્ત્રોતોને બચાવવા કઠોર સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે ગુજરાતનાં ગૌરવ સમા એશિયાઇ સિંહ તથા અમુલ્ય જૈવ વૈવિધ્યથી સમૃધ્ધ ગીર રક્ષિત વિસ્તારનાં સ્થિર અને શાંત પરંતુ મક્કમ સંરક્ષણની સાફલ્યગાથા પર્યાવરણનાં સંરક્ષણની અલગ અલગ લોબીઓ માટે એક પાઠ સમાન બની રહ્યું છે અને સિંહનાં સંરક્ષણની સાફલ્ય ગાથાને વૈશ્વિક માન્યતા પણ મળી છે.

- જૈવ વિવિધતાથી ભરપૂર એવા ગીર વિસ્તારમાં ૬૦૦ થી વધુ વિવિધ પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે, તેમજ ૪૧ પ્રકારનાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ, ૪૭ પ્રકારનાં સરીસૃપ વર્ગના પ્રાણીઓ, પક્ષીઓની ૩૩૮ થી વધુ પ્રજાતિઓ અને કીટકોની ૨૦૦૦ થી વધુ પ્રજાતિઓ નિવાસ કરે છે. તેમજ વિનાશના આરેઆવી ઉભેલ ગીધ તથા વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની અનુસૂચી-૧ માં સમાવિષ્ટ એશિયાઇ સિંહ ઉપરાંત દીપડા, કાટવર્ણી ટપકાવાળી બિલાડી, ઘોરખોદીયુ, કીડીખાંઉ, મગર, અજગર જેવા વન્યપ્રાણીઓ તથા રાષ્ટ્રીય પક્ષી મોરનું નિવાસ સ્થાન છે.

- વૈવિધ્યપુર્ણ જીવસૃષ્ટિ અને સંપન્ન કુદરતી સ્ત્રોતોની સરળતાથી થતી ઉપ્લબ્ધતાં એક તંદુરસ્ત માનવ સંસ્કૃતિને પોષે છે. ગીર-અભ્યારણ્યમાંથી નિકળતી ૭ નદીઓ જેવી કે, હિરણ, શેત્રુંજી, શિંગવડો, ધારતરડી, રાવલ, મછુન્દ્રી, ઘોડાવડી તે પૈકીની હિરણ, શિંગોડા, મછુન્દ્રી અને રાવલ નદી પર બાંધવામાં આવેલ ડેમને કારણે ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનાગર જીલ્લાની જમીનનાં પાણીનાં તળ ઊંચા રહેવા આ ઉપરાંત ફળદ્રુપ જમીનનાં કારણે ખેતીના પાકો, આંબાના બગીચા તથા અન્ય ફળોના બગીચાઓનાં કારણે બૃહદ ગીર વિસ્તારનાં ખેડૂતો આર્થિક રીતે સમૃધ્ધ બન્યાં છે, આ ખેતીની જમીનની કિંમત રાજ્યનાં અન્ય વિસ્તારોથી ઘણી ઊંચી છે, સૌરાષ્ટ્રમાં લોકોએ વર્ષોથી આ કુદરતી સંપદાને ઇશ્વરની ભેટ માની તેને પવિત્ર ગણી તેનું સન્માન અને આદર કર્યો છે.
- ગીર અભ્યારણ્યમાં થતી જંગલ સફારીનું એકમાત્ર પ્રવેશદ્વાર સાસણ-ગીર, કેન્દ્રશાસિત પ્રદેશ દીવ જેવા પર્યટન તેમજ ઐતિકાસિક શહેર જૂનાગઢ, બાર જ્યોતિર્લીંગમાનું એક શ્રી સોમનાથ મંદિર, ભગવાન શ્રી દ્વારકાધીશનું દ્વારકા ખાતેનું મંદિર, પાલિતાણાના જૈન મંદિરો જેવા યાત્રા- પ્રવાસ ધામો એક પર્યટન સર્કિટમાં આવતા હોય સમગ્ર ભારત તેમજ વિશ્વનાં અન્ય દેશોમાંથી આવતા પ્રવાસીઓને કારણે સૌરાષ્ટ્ર વિસ્તારમાં લોકોને આર્થિક ફાયદો તથા રોજગારી મળે  છે. દર વર્ષે વિશ્વનાં ૪૦ જેટલા દેશો તથા સમગ્ર ભારતમાંથી ૮ લાખ જેટલા પ્રવાસીઓ ગીર વન્યજીવ અભ્યારણ્યની મુલાકાત લઈ ગીરનાં એશિયાઈ સિંહો તથા જૈવ સૃષ્ટિને નિહાળે માણે અને તેના વિશે સમજણ મેળવે છે.

## ગીરની જૈવ વિવિધતા અને સિંહોની જાળવણીનાં પ્રયત્નો

ગીર વ્યવસ્થાપન યોજનાનો મુખ્ય હેતુ એ છે કે, લોકભાગીદારીથી સંવર્ધન મજબુત બનાવી, જૈવ વિવિધતા પર થતી નકારાત્મક અસરો ઘટાડવી, ગીર અને તેની આજુ-બાજુનાં વિસ્તારને ઇકો ડેવલોપમેન્ટ દ્વારા સ્પષ્ટ કાર્યક્ષમ યોજનાં આપી લાંબા ગાળાનું સંવર્ધન કરવું. આ ઉપરાંત લોકોની જરૂરીયાત મુજબની કામગીરી પણ કરવી.

ગીરમાં રહેલ મુખ્ય પ્રજાતિ એવા સિંહોનાં લાંબાગાળાનાં સંરક્ષણની સાથો સાથ અન્ય ભયમાં તથા વિનાશનાં આરે આવી ઉભેલા વન્યપ્રાણીઓનું સંરક્ષણ માટે સ્થાનિક લોકોનું મુખ્ય વનો તથા આજુ-બાજુનાં વનો પર ભારણ ઘટાડવું અને લોકોનો સહયોગ પ્રાપ્ત કરવો. ઇકો ટુરીઝમ દ્વારા સ્થાનિક લોકોને તથા પ્રવાસીઓને વન અને વન્યપ્રાણી સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સ્થાનિક લોકોને આજીવીકા મળી રહે  તેવા પ્રયત્નો કરવા.

- સિંહ જૈવ વૈવિધ્યની સમતુલા જાળવવા તથા તૃણાહારી વન્યપ્રાણીઓની વિસ્તી પર નિયંત્રણ.
- યુરોપ અને એશિયાના ધ્વજોમાં, હિંદુ શાસ્ત્રોમાં નૃસિંહ અવતારને ભગવાન વિષ્ણુનાં અવતાર તરીકે ભારતની રાષ્ટ્રમુદ્રામાં, સિંહ જૈવ વૈવિધ્યની સમતુલા જાળવવા, તૃણાહારી પ્રાણીઓની સંખ્યાની નિયત્રણ માં, શ્રીલંકાના રાષ્ટ્ર ધ્વજમાં, ચલણી સિક્કાઓ તથા ચલણી નોટોમાં તથા રાજપૂત અને ક્ષત્રિયોના નામની પાછળ લાગતું ઉપનામ, સિંહ એ શૌર્યતા અને ભવ્યતાનું પ્રતિક છે, ભારતના મંદિરોના દ્વારમાં દુર્ગાના વાહન તરીકે અંકિત થયેલ છે.

## એશિયાઈ સિંહના બચાવ માટે આપણે આટલુ કરીએ

- સિંહ એ વન્ય જીવ છે, આથિ સિંહને તેની કુદરતી પ્રક્રિયામા કોઇ ખલેલ ન પહોંચે તેનું ધ્યાન રાખીએ.
- જંગલની બહારનાં વિસ્તારોમાં સિંહની હાજરી જણાય તો તેની જાણ સ્થાનિક વન વિભાગના સ્ટાફને કરિએ.
- એશિયાઈ સિંહોનાં વસવાટ વિસ્તારોનાં સંરક્ષણ અને સંવર્ધનમાં મદદરૂપ થઇએ.
- બિનઅધિકૃત રીતે થતી પ્રવૃતિઓને અટકાવવા માટે મદદરૂપ થઇએ.
- સિંહ અને અન્ય વન્યપ્રાણીઓ ઈજાગ્રસ્ત કે કોઇ મુશ્કેલીમાં જણાય તો તરત જ સ્થાનિક વન વિભાગનાં સ્ટાફને જાણ કરીએ.
- આપણાં ગામમાં કોઇપણ શંકાસ્પદ પ્રવૃતિ કે વ્યક્તિ કે, જે વન્યજીવને નુકશાન પહોંચાડી શકે તેમ હોય તેના વિશે સ્થાનિક વન વિભાગનાં  સ્ટાફને જાણ કરીએ.
- સિંહ કે અન્ય વન્યપ્રાણીના ગુનાહિત કૃત્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી ના થઈએ.

Gir Online Permit Booking System

**વન વિભાગ, ગુજરાત રાજ્ય | વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીર, જૂનાગઢ-ગુજરાત**

**ટેલીફોન નંબર : (૦૨૮૭૭) ૨૮૫૫૫૪૦ | મોબાઈલ નંબર : ૯૪૨૮૮૯૬૬૪૮**

**E-mail : dcfwildlife@gmail.com**

World Lion Day 2026